BRAMPTON Flower City brampton.ca

media release

ત્વરિત જાહેરાત માટે

# સીટી દ્વારા સીમાચિહ્નરૂપ નવી 311 ઍપ શરૂ કરવામાં આવી જે વધારે સરળ અને વધારે ઝડપી ગ્રાહક સેવા આપશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 18, 2019) – સીટી ઓફ બ્રેમ્પટન નવી બ્રેમ્પટન 311 મોબાઈલ ઍપ અને વેબસાઈટ 311Brampton.ca વડે, મ્યુનિસિપલ સેવાઓ અને માહિતી સુધી પહોંચવાનું વધારે સરળ બનાવી રહ્યું છે. રહેવાસીઓ હવે પોતાના સ્માર્ટફોન મારફતે, ઓનલાઈન, અથવા 311 નંબર પર કૉલ કરીને સર્વિસ બ્રેમ્પટન સુધી વધારે ઝડપથી અને વધારે સહેલાઈથી પહોંચી શકે છે. ગ્રાહક સેવા દિવસમાં 24 કલાક, અઠવાડિયામાં સાત દિવસ, 150 ઉપરાંત ભાષાઓમાં ઉપલબ્ધ છે.

ઍપ અને ઓનલાઈન વિનંતીઓ નીચેની બાબતો માટે માહિતી, રજૂઆતો સુધી સરળ મોબાઈલ પહોંચ પૂરી પાડે છે અને પગેરુ (ટ્રેકિંગ) મેળવવા વિનંતી કરવા દે છે:

- પાર્કિંગ સેવાઓ અને મોબાઈલ લાઈસન્સીંગ
- મિલકતની બાબતો અને મ્યુનિસિપલ અમલ બજવણી
- ગંદવાડો અને ભીંતચિત્રો (લિટ્ટર અને ગ્રાફિટી)
- ઉદ્યાનો અને પગદંડીઓ
- રસ્તાઓ અને ફૂટપાથ અને બરફ સાફ કરવો
- ચિહ્નો અને સ્ટ્રીટ લાઈટ્સ
- વૃક્ષ સંબંધિત સેવાઓ

ઍપ ફોટો પાડવા સક્ષમ બનવા વધારાનો લાભ આપે છે અને તેને સેવા વિનંતી સાથે સમાવે છે. મેપિંગ કામગીરી સંબંધિત બાબત સૂચવવામાં સહાય કરવા પણ સમાવેલી છે.

નવી વેબસાઈટ અને ઍપ નીચેની લાક્ષણિકતાઓ વડે યુઝર-અનુકૂળ ઈન્ટરફેસ આપે છે:

- સીટીની સેવાઓ અને સંબંધિત વેબ પેજીસની લિંક્સ વિશે માહિતી સાથે આધારભૂત જ્ઞાન
- આધારભૂત જ્ઞાન અને સેવા વિનંતી વિકલ્પો માટે શોધ કામગીરી
- સેવા અને અહેવાલ મુદ્દાઓ માટે વિનંતીઓ સીધેસીધી રજૂ કરવાની ક્ષમતા
- ટ્રેકિંગ નંબર જેથી યુઝર પોતાના અહેવાલ/પોતાની વિનંતીમાં ફૉલો-અપ માહિતી મેળવી શકે છે
- સેવા વિનંતી નવી માહિતી વડે અદ્યતન થાય ત્યારે ઈમેઈલથી માહિતગાર રહેવાનો વિકલ્પ

બ્રેમ્પટન 311 ઍપ હવે Google Play અને App Store પરથી ડાઉનલોડ કરવા ઉપલબ્ધ છે. તે iPhone અને Android ડિવાઈસીસ (લઘુતમ iOS 9.3.6 અથવા Android 8.1) સાથે સુસંગત છે. નવી વેબસાઈટ જુઓ, 311Brampton.ca.

**ક્વૉટ્સ (અવતરણો)**

"નવી બ્રેમ્પટન 311 ઍપ અને વેબસાઈટ રોજીંદી કામગીરીઓ અને સેવા વિતરણ સતતપણે સુધારવા સીટીના પ્રયત્નોનું ચડિયાતું ઉદાહરણ

દર્શાવે છે. તે કાઉન્સિલની આ સમયગાળા માટેની અગ્રતા છે જેથી ખાતરી કરી શકાય કે બ્રેમ્પટન સુસંચાલિત શહેર રહે, અને રહેવાસીઓને સીટીની સેવાઓ સાથે જોડવા યુઝર-અનુકૂળ, ડિજિટલ વિકલ્પો આપે અને માહિતી તે કટિબદ્ધતાનો મહત્વનો ભાગ છે."

- *મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown)*

"મને આશા છે કે રહેવાસીઓ માહિતી સુધી સરળ પહોંચ મેળવવા અને બરફ સાફ કરવો, પાર્કિંગ, પ્રાણી સેવાઓ જેવી ઘણી બધી બાબતોને લગતી ચિંતાઓ જણાવવા નવી 311 ઍપ અને વેબસાઇટનો લાભ લેશે. તમારા માટે ફોન, ઈમેઇલ કે ઓનલાઇન - જે પણ રીત સૌથી અનુકૂળ હોય તેના વડે સર્વિસ બ્રેમ્પટન સાથે જોડાશો.

સીટી સેવાઓ તમારી આંગળીના ટેરવે હાજર છે!"

- *રીજીયનલ કાઉન્સિલર રોવેના સાન્ટોસ (Rowena Santos), કમ્યુનિટી સર્વિસીસ કમિટી પ્રમુખ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca

BRAMPTON
Flower City
brampton.ca

media release